Seat No. : _______________

# FA-63

**March-2007**

## Gujarati (First Subsidiary)

## ગુજરાતી (પદ્ય)

**(ગૌણ)**

**Paper-I**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**સૂચના :** (૧) દરેક પ્રશ્નના ગુણ સરખા છે.
(૨) પ્રશ્નોના ક્રમાંક ઉત્તરવહીમાં પ્રશ્નપત્ર મુજબ દર્શાવવા.

૧. આખ્યાન કવિ શિરોમણિ પ્રેમાનંદના સાહિત્ય સર્જન પ્રેરક પરિબળો જણાવીને સાહિત્યિક પ્રદાનનું મૂલ્યાંકન કરો.

**અથવા**

'આખ્યાન'નો શબ્દાર્થ દર્શાવીને તેની સ્વરૂપગત વિશેષતાઓ વર્ણવીને મધ્યકાલીન ગુજરાતી આખ્યાન કવિતા પ્રવાહનું મૂલ્યાંકન કરો.

૨. 'ઓખાહરણ'નું આખ્યાનકાવ્ય તરીકે મૂલ્યાંકન કરો.

**અથવા**

નીચેનામાંથી કોઈપણ **બે** વિશે ટૂંકનોંધ લખો.

(ક) 'ઓખાહરણ'ના મૂળ કથાનકમાં પ્રેમાનંદે કરેલા ફેરફારો

(ખ) 'ઓખાહરણ'માં ઓખાનું ચરિત્ર

(ગ) 'ઓખાહરણ'માં સમાજદર્શન

(ઘ) 'ઓખાહરણ' શીર્ષકની યથાર્થતા

૩. અનુગાંધીયુગની વિશેષતાઓ જણાવીને કાવ્યપ્રવાહની સમીક્ષા કરો.

**અથવા**

પ્રિયકાન્ત મણિયારનાં સર્જન પ્રેરક પરિબળોની ચર્ચા કરીને સાહિત્યરાશિ વર્ણવો.

૪. 'પ્રિયકાન્ત મણિયારનાં કાવ્યો'- સંપાદક : ચન્દ્રકાન્ત શેઠનાં કાવ્યસંચયને આધારે પ્રિયકાન્ત મણિયારની કવિ તરીકેની વિશેષતાઓ ઉદાહરણ સહિત ચર્ચો.

**અથવા**

નીચેનામાંથી કોઈપણ **બે** વિશે ટૂંકનોંધ લખો.

(ક) પ્રિયકાન્ત મણિયારનાં પ્રણય વિષયક કાવ્યો

(ખ) પ્રિયકાન્ત મણિયારનાં ગીતકાવ્યો

(ગ) પ્રિયકાન્ત મણિયારનાં અછાંદસકાવ્યો

(ઘ) પ્રિયકાન્ત મણિયારની પદ્યશૈલી

૫. (ક) પૂર્વાપર સંદર્ભ આપી સમજાવો. (કોઈપણ **બે**)

(૧) ............ 'તારી ધર્મધજા આફણિયે ભાંગી પડશે.'

(૨) ............ 'હો મારી માત! ત્રણ નાથ એ મહાઉત્પાત.'

(૩) 'કન્યા રૂપ ક્યહાં ગયું રે ? ઓખા દીસે છે નાર !'

(૪) 'દિવસે ન સૂઈએ દીકરી, વચન પ્રભુજીનાં પાળીએ.'

(ખ) પૂર્વાપર સંદર્ભ આપી સમજાવો. (કોઈપણ **બે**)

(૧) મેં મકાનો બાંધવાને જે ઘડ્યા
રે તે ખીલા તો અહીં જડ્યા !

(૨) ફૂલનો ફુવાર એકલો ફૂટે, જેમ કવિનાં ગાન.

(૩) પોસ્ટના પરબીડિયાના જેટલી તો છે જગા
ને ઉપરની કોક નાની ટિકિટ સરખી એક બારી.

(૪) જેટલું અડક્યો જગત
એટલું પંપાળ્યું છે.